# ગોડાદરા PI અને PSI સામે કાર્યવાહીનો કોર્ટનો હુકમ

**પોક્સોના** ગંભીર ગુનામાં યોગ્ય કલમો જ દાખલ કરી નથી

**ભૂલચૂકમાં** પોક્સો એક્ટના આરોપીને છટકબારી મળી જતી હોય છે

**કાયદા** મુજબ પગલાં લેવા કોર્ટે પોલીસ કમિશનરને આદેશ કર્યો

સુરતઃ એક તરફ સરકાર અને ન્યાયાલય માસુમ બાળકો સામેનાં જાતીય સતામણી-હુમલા કેસનાં મુદ્દે ગંભીરતા દાખવી પોક્સો એક્ટ હેઠળનાં ગુનામાં પિડીતોને ન્યાય મળે એ માટે ઝડપભેર ન્યાયિક કાર્યવાહી કરતી હોય છે તેવા સમયે તપાસ અધિકારીની તપાસમા જરા પણ ભૂલચૂકમાં પોક્સો એક્ટનાં આરોપીને છટકબારી મળી જતી હોય છે. ગોડાદરા પોલીસ સ્ટેશને નોંધાયેલાં પોક્સો એક્ટનાં કેસમાં પોલીસ દ્વારા ચાર્જશીટમાં યોગ્ય કલમો ઉમેરવામાં આવી ન હોવાથી સેશન્સ કોર્ટનાં જજ હિતેશકુમાર મુકુંદરાય વ્યાસે ગોડાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. અને પીએસઆઈ સામે કાયદા અનુસાર જરૂરી કાર્યવાહી માટે સુરતના પોલીસ કમિશનરને આદેશ કર્યો હતો. આ સાથે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

ગોડાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં 26 વર્ષીય ભરતપાલ ચંદનસિંહ રાજપૂત સામે સગીર વયની કિશોરી સાથે છેડછાડ અને યૌન શોષણના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ કેસમાં આરોપીએ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ જામીન અરજીનાં વિરોધમાં સરકાર પક્ષે એપીપી તેજસ પંચોલીએ દલીલો કરી હતી કે આરોપી પીડિતાના ભાઈનો મિત્ર હતો.

ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં આરોપીએ પીડિતાને કારમાં બેસાડી એકાંત જગ્યાએ લઈ જઈ અશ્લીલ હરકતો કરી વિડિયો બનાવી બ્લેકમેઈલ કરી બળજબરીથી શારીરિક સંબંધ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી.

બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરવાની સાથે કોર્ટે નોંધ્યું હતું કે ગોડાદરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એચ કે આચાર્ય અને પોલીસ સબ ઇન્સ્પેક્ટર જે આર તિવારી દ્વારા ચાર્જશીટમાં યોગ્ય કલમો ઉમેરવામાં આવી નથી. જેથી તેઓની સામે કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરવા માટે સુરતના પોલીસ કમિશનરને આદેશ કર્યો હતો.

# સુરતમાં હાર્ટ એટેકથી કોન્સ્ટેબલ અને રત્નકલાકારનું અવસાન

**સ્મીમેર** હોસ્પિટલમાં ગાર્ડ ઓફ ઓનર અપાયું, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતના પોલીસ જવાનો હાજર રહ્યા



સુરત : શહેરમાં એક જ દિવસે હૃદયરોગના કારણે બે વ્યક્તિઓના મોત થવાની દુઃખદ ઘટનાઓ બની છે. સુરત પોલીસના એસી/એસટી સેલમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તેમજ ડભોલી વિસ્તારના રત્નકલાકારનું હાર્ટ એટેકથી મોત થયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વતની અને હાલ સલાબતપુરા પોલીસ લાઈનમાં રહેતા ૪૩ વર્ષીય નિમેષભાઈ પિન્ટુભાઈ માલીવાડનું હાર્ટ એટેકથી મોત થયું છે. તેઓ છેલ્લા આઠ વર્ષથી સુરત શહેર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હતા અને હાલ તેઓ એસી/એસટી સેલમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેમની પત્ની સંગીતાબેન માલીવાડ પણ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. દંપતીને ૬ વર્ષનો એક પુત્ર છે. શુક્રવારે રાત્રે ફરજ દરમિયાન તબિયત અસ્વસ્થ થતાં તેઓ ઘરે પરત ફર્યા હતા. ઘરે પહોંચ્યા બાદ છાતીમાં તીવ્ર દુઃખાવો થતાં તેમણે પત્નીને જાણ કરી હતી. ત્યારબાદ સલાબતપુરા પોલીસ સ્ટાફ તાત્કાલિક તેમના ઘરે પહોંચ્યો અને પોલીસની સરકારી વેનમાં નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. બાદમાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તે દરમિયાન તેમનું મોત થઈ ગયું હતું. જેને કારણે પોલીસ વિભાગમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. મૃતકના અંતિમ સંસ્કાર પહેલાં સ્મીમેર હોસ્પિટલમાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું, જેમાં પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતના પોલીસ જવાનો હાજર રહ્યા હતા.

બીજી ઘટનામાં, ડભોલી વિસ્તારના પ્લેટિનિયમ પાર્કમાં રહેતા ૩૫ વર્ષીય પરેશભાઈ બાબુભાઈ શેટાનું પણ હૃદયરોગના હુમલાથી મોત થયું છે. તેઓ રત્નકલાકાર તરીકે કામ કરી પોતાની પત્ની અને બે સંતાનોનું ભરણપોષણ કરતા હતા. ગઈકાલે રાત્રે તેમને છાતીમાં ગભરામણ થઈ અને બેભાન થઈ ગયા. તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# સુરત-શારજાહ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ અચાનક બંધ

**માર્ચ** સુધી ચાલવાની હતી સેવા

**ખાડી** દેશોમાં તંગદિલીથી ફેબ્રુઆરીમાં જ બંધ કરવા નિર્ણય



સુરતઃ સુરતના આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણને મોટો ઝટકો લાગ્યો છે. સુરતથી શારજાહ જતી પ્રથમ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ, જે 28 માર્ચ સુધી ચાલુ રહેવાની ધારણા હતી, કારણ કે એ પછીની ટિકિટનું બુકિંગ એરલાઈન્ એ બંધ કર્યું હતું. તે હવે અચાનક ફેબ્રુઆરીના અંતમાં જ બંધ થઈ ગઈ છે. ખાડી વિસ્તારમાં વધતી જતી જીઓ-પોલિટિકલ પરિસ્થિતિ અને સુરક્ષા કારણોસર 27 ફેબ્રુઆરી પછી કોઈ નવી ઉડાનને મંજૂરી આપવામાં આવી નથી. આથી સુરતવાસીઓ પોતાના શહેરની પ્રથમ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટને વિદાય આપવાનો મોકો પણ ગુમાવી બેઠા છે.

શારજાહ - સુરત - શારજાહ સફળ રૂટ માનવામાં આવે છે. આ રૂટ પર કુલ મળીને છેલ્લા 5 વર્ષમાં અંદાજે 4.5 થી 5 લાખ મુસાફરોએ લાભ લીધો હતો.

16 ફેબ્રુઆરી 2019ના રોજ ભારે ઉત્સાહ વચ્ચે શરૂ થયેલી આ ફ્લાઇટને 28 માર્ચે વિદાય આપવાની યોજના હતી. પરંતુ અચાનક પરિસ્થિતિ બદલાતા 27 ફેબ્રુઆરીએ જ છેલ્લી ઉડાન ભરી લેવાઈ.

આથી કોઈ સત્તાવાર સમારોહ કે "ફેરવેલ ફ્લાઇટ"નું આયોજન પણ શક્ય બન્યું નહીં.

એવિએશન સર્કલમાં ચર્ચા છે કે પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ ફરીથી સુરત-શારજાહ અથવા સુરત-દુબઈ રૂટ શરૂ કરવાની કોશિશ થઈ શકે છે. પરંતુ તે માટે DGCA અને આંતરરાષ્ટ્રીય મંજૂરીઓ જરૂરી રહેશે. સુરત માટે ગૌરવરૂપ રહેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટનો આ રીતે અચાનક અંત આવ્યો છે. હવે સુરતવાસીઓ ફરી એકવાર આકાશમાં પોતાના શહેરનું આંતરરાષ્ટ્રીય જોડાણ પુનઃસ્થાપિત થવાની રાહ જોઈ રહ્યા છે.

## સુરત માટે કેમ મહત્ત્વની હતી આ ફ્લાઇટ?

- ટેક્સટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ માટે ગલ્ફ દેશો સાથે સીધી કનેક્ટિવિટી
- NRIs અને વર્કર માટે સસ્તી અને ઝડપી મુસાફરી
- દુબઈ-શારજાહ બિઝનેસ કનેક્શન માટે મહત્વપૂર્ણ માર્ગ
- સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવનાર પ્રથમ સેવા

## શારજાહ સુરત-શારજાહ ફ્લાઇટ મુસાફરોના અંદાજિત આંકડા

| વર્ષ | કુલ મુસાફરો | સરેરાશ લોડ ફેક્ટર |
|---|---|---|
| 2019 (ફેબ્રુઆરી-ડિસેમ્બર) | 65,000 | 75% |
| 2020 (COVID અસર) | 28,000 | 50% |
| 2021 | 40,000 | 60% |
| 2022 | 78,000 | 82% |
| 2023 | 95,000 | 88% |
| 2024 | 1,05,000 | 90% |
| 2025 | 1,10,000 | 92% |

**(કુલ મળીને 5 વર્ષમાં અંદાજે 4.5થી 5 લાખ મુસાફરોએ આ રૂટનો લાભ લીધો હતો)**

# બીસીજીમાં સુરતનાં વધુ ચારની ની જીત સાથે પાંચનું પ્રતિનિધિત્વ પાકું થયું

**પ્રીતિ** જોશી અને હિરલ પાનવાલા પછી ઝકી શેખ, ભાવેશ રબારી, હિતેશ પટેલ, હરેશ નાકરાણીની જીત

**સુરત** કોર્ટ પરિસરમાં ભાવેશ રબારી-હિતેશ પટેલનુ રાત્રે સાડા નવ કલાકે સ્વાગત કરાયું



સુરતઃ ગત્ તા ૬થી માર્ચે યોજાયેલી બીસીજી ચૂંટણીનું પરિણામ આજે મોડી રાત્રે સ્પષ્ટ થયું હતું. મતગણતરીનાં ઉતાર ચઢાવ બાદ આખરે ૨૩ બેઠકોનાં ૨૩ વિજેતા ઉમેદવારોએ જીત પાકી કરી હતી. ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની કુલ ૨૩ બેઠકમાં મહિલા અનામત બેઠક પર સુરતનાં પ્રીતિબેન જોશી અને હિરલ પાનવાલાની જીત બાદ આજે ભાવેશ રબારી અને હિતેશ પટેલ, હરેશ નાકરાણી અને ઝકી શેખની જીત સાથે બીસીજીમાં પાંચ બેઠક સુરતની પાકી થઈ ગઈ છે. ગત્ તા ૧૦મીથી બાર દિવસથી ચાલતી એકડાં-બગડાની રસાકસી ગણતરી આજે મોડી રાત્રે પૂર્ણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ મતગણતરી દરમિયાન એકડાં બગડાની ગણતરીમાં ઉમેદવારોનો શ્વાસ અધ્ધર રહ્યો હતો. આજે ભાવેશ રબારી સાતમાં નંબરે અને હિતેશ પટેલ આઠમો ક્રમ જાળવી રાખવા સાથે જીત પાકી થઈ હતી. જયારે છેલ્લે ૧૭માં ક્રમ સાથે ઝકી શેખએ પોતાની જીત પાકી કરી લીધી હતી. સુરતનાં ઉમેદવાર ઝકી શેખ તરફેણનાં મતદાનમાં ભારે રસાકસી બાદ મેદાન માર્યું હતું. બીસીજીની ચૂંટણીમાં વિજયી સાથે ભાવેશ રબારી અને હિતેશ પટેલ સુરત આવી જતા તેમનું અભિવાદન કરવા માટે રાત્રે સાડા નવ વાગે સુરત કોર્ટ પરિસરમાં ખુબ જ મોટી સંખ્યામાં વકીલો ભેગા થઈ સ્વાગત કર્યું હતું. આમ બીસીજીમાં સુરતનાં વધુ ત્રણની જીત સાથે પાંચનું પ્રતિનિધિત્વ પાકું થઈ ગયું છે.


# બ્રેઈનડેડ યુવકના અંગદાનથી ત્રણ લોકોને નવજીવન મળશે

**યુવકનું** લીવર અને બંને કિડનીનું દાન કરાયું



સુરતઃ બ્રેઈનડેડ યુવકના અંગદાનથી ત્રણ લોકોને નવજીવન મળશે. યુવકની લીવર અને બને કિડનીનું દાન કરવામાં આવ્યું હતું.

મૂળ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના વતની ૪૦ વર્ષીય માનસિંહ રાધેશ્યામસિંહ ટ્રક ચલાવીને ઘર પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તા.૧૭મી માર્ચના રોજ વ્યારા પાસે રેતી ભરેલા ટ્રકની ઉપર તાડપત્રી બાંધવા જતાં વીજતારથી કરંટ લાગ્યો અને ત્યા જ બેભાન થઈ ગયા હતા. તાત્કાલિક સારવાર માટે વ્યારાની સિવિલ બાદ ગંભીર હાલત હોવાના કારણે રાત્રે ૯:૩૦ વાગ્યે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈમરજન્સીમાં દાખલ કરાયા હતા. ત્યાં ન્યુરોલોજિસ્ટ ડૉ.જય પટેલ, ન્યુરોસર્જન ડૉ.કેયુર પ્રજાપતિએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતાં. બાદ ડૉ.નિલેશ કાછડીયા, ડૉ.કેતન નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સીલ ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલાએ તેમના પરિવારને અંગદાન વિશે સમજાવતા તેમણે સહમતિ આપતા લિવર, બંને કિડની એપોલો હોસ્પિટલ અમદાવાદમાં લઈ જવામાં આવી હતી.




# પાંડેસરામાં પ્રેમિકા અન્ય યુવક સાથે વાત કરતી હોવાની શંકામાં યુવકનો આપઘાત

સુરત : પાંડેસરામાં પ્રેમિકા અન્ય યુવક સાથે વાત કરતી હોવાની શંકા રાખીને યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આપઘાત કરનાર યુવક ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં કામ કરતો હોવાની વિગત સાંપડી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ઉત્તરપ્રદેશના વતની શિવમ રાજેશ કુશવાહ (18 વર્ષ) હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા બાપુનગરમાં રહેતો હતો. શિવમ ડાંઈગ પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તે એકાદ વર્ષ પહેલા એક યુવતી સાથે પ્રેમ સંબંધમાં આવ્યો હતો. જે પ્રેમિકા અન્ય યુવક સાથે વાત કરતી હોવાની શંકા રાખીને શિવમે આજે સવારે ઘરમાં લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવને પગલે પરિવાજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

# 'ગોલ્ડ માઈન'માં રોકાણની લાલચે ૧૬ લાખની ઠગાઈ: આધેડનું મોત

**વેસુના** આધેડના ફેસબુક પર 'તન્વી શર્મા' નામની યુવતીએ જાળ બિછાવી શિકાર બનાવ્યો

સુરત : વેસુના આધેડને ફેસબુક પર સંપર્કમાં આવેલી એક યુવતીએ ગોલ્ડ માઈન ટ્રેડિંગમાં ઉંચા વળતરની લાલચ આપી રૂપિયા ૧૬,૦૦,૦૦૦ ની છેતરપિંડી આચરી હતી. આ ઘટના બાદ આધેડને બ્રેઇન સ્ટોક આવતા તેમનું મોત નીપજ્યું હતું.

અલથાણ વીઆઈપી રોડ પર શ્યામ મંદિર પાસે 'શ્યામ વિલા'માં રહેતા રમેશભાઈ પટેલ ગત ફેબ્રુઆરી માસમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર 'તન્વી શર્મા' નામની યુવતીના સંપર્કમાં આવ્યા હતા. તન્વીએ રમેશભાઈ સાથે મીઠી-મીઠી વાતો કરી તેમને ઓનલાઈન ગોલ્ડ માઈન (સોનાની ખાણ) ના ટ્રેડિંગમાં રોકાણ કરવાથી ટૂંકા ગાળામાં મોટો નફો મળશે તેવી લોભામણી લાલચો આપી હતી. રમેશભાઈ આ માયાજાળમાં ફસાઈ ગયા હતા. ઠગબાજોએ રમેશભાઈને વિશ્વાસમાં લેવા માટે વોટ્સએપ પર એક બનાવટી વેબસાઈટની લિંક મોકલી હતી અને તેમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ 'BSGC' નામની એક શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં લોગઈન કરાવ્યું હતું. રોકાણના નામે ગઠિયાઓએ કસ્ટમર સપોર્ટના બહાને રમેશભાઈ પાસેથી આઈડીએફસી બેંકમાં ૧ લાખ અને આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાં ૧૫ લાખ મળી કુલ ૧૬ લાખ રૂપિયા પડાવી લીધા હતા. જ્યારે રમેશભાઈએ પોતાનું રોકાણ અને નફો પરત મેળવવા માટે એપ્લિકેશનમાં વિથડ્રોઅલની પ્રોસેસ કરી, ત્યારે તન્વી શર્માએ તેમને નાણાં ઉપાડવા દીધા નહોતા. ઉલટાનું, ટેક્સ અને અલગ-અલગ સર્વિસ ચાર્જના નામે વધુ નાણાંની માંગણી કરવામાં આવી હતી. સતત નાણાંની માંગણી થતા રમેશભાઈને શંકા ગઈ હતી અને તેમણે તપાસ કરતા પોતે સાયબર ફ્રોડનો શિકાર બન્યા હોવાનું જણાયું હતું. આ ઘટના બાદ રમેશભાઈને બ્રેઇન સ્ટોક આવતા તેમનું મોત નીપજ્યું હતું. જેથી આ સમગ્ર કૌભાંડ અંગે રમેશભાઈના પુત્ર વિકેન પટેલે સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચી તન્વી શર્મા અને તેની સાથે સંકળાયેલા અન્ય પાંચ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી, બેંક ખાતાની વિગતો અને આઈપી એડ્રેસના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

# પૂરી-અમદાવાદ ટ્રેનમાંથી 12 લાખનો ગાંજો ઝડપાયો

**બિનવારસી** હાલતમાં પડેલો ૨૩.૮૯૫ કિલો ગાંજો જપ્ત કર્યો



સુરત : પશ્ચિમ રેલ્વે વડોદરા ના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (S.O.G.) અને એન.ડી.પી.એસ. ડેડીકેટેડ ટીમે સંયુક્ત કાર્યવાહી કરી પુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી ૨૩.૮૯૫ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે, જેની બજાર કિંમત અંદાજે 11.94.750 જેટલી થાય છે.

મળતી માહિતી મુજબ એસ.ઓ.જી. પશ્ચિમ રેલ્વે વડોદરા કેમ્પ-સુરત ના પીએસઆઈ એચ.પી. રવિયા અને એન.ડી.પી.એસ. ટીમ ટ્રેન નં. ૧૨૮૪૩ પુરી-અમદાવાદ એક્સપ્રેસમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ટ્રેન રાત્રે ૨:૧૯ કલાકે નિયોલ રેલ્વે સ્ટેશન નજીક પહોંચી ત્યારે રેલ્વે પોલીસ ના હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ કરશનભાઈને રિઝર્વેશન કોચ નં. એસ/૬ અને જનરલ કોચની વચ્ચેથી એક બેકપેક અને એક થેલો મળી આવ્યો હતો. તે જ રીતે એ.એસ.આઈ. દિનેશજી પરથીજીને કોચ નં. એ/૧ પાસેના કોરીડોરમાંથી વધુ એક બેકપેક મળી આવ્યું હતું.પોલીસે જ્યારે આ શંકાસ્પદ બેગની તપાસ કરી તો તેમાંથી ૨૩.૮૯૫ કિલોગ્રામ ગાંજો જેન કિંમત રૂપિયા 11.94.750 મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કોઈ અજાણ્યો ઈસમ આ નશાકારક પદાર્થ આર્થિક લાભ મેળવવા માટે લાવી રહ્યો હતો, પરંતુ પોલીસના કડક ચેકિંગ ને કારણે પકડાઈ જવાની બીકે જથ્થો બિનવારસી હાલતમાં છોડીને નાસી છૂટ્યો હતો. આ મામલે સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લુંગી પહેરવા મુદ્દે યુવકને મેથીપાક આપી પત્ની ઉપર ચપ્પુથી હુમલો

**ગોડાદરાની** ઘટના, 'અભી તું ઘર કે બહાર લુંગી પહેનકે નીકલા તો જાન સે માર દુંગા'ની ધમકી આપી શખ્સો ફરાર

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં એક અત્યંત વિચિત્ર અને હિંસક ઘટના સામે આવી છે. માત્ર લુંગી પહેરીને ઘરની બહાર નીકળવા જેવી સામાન્ય બાબતે બે શખ્સે એક શ્રમિક યુવક પર હુમલો કરી, તેની પત્નીને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. હુમલાખોરોએ ભોગ બનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપી ખુલ્લેઆમ દાદાગીરી કરી હતી. આ મામલે ગોડાદરા પોલીસે ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના બનારસના બડાગાંવના બલરામપુર ગામના વતની અને હાલ ગોડાદરામાં આવેલી સાંઈધામ સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષીય સંતોષ બનવારીલાલ મિશ્રા મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે તા.૨૦/૩/૨૦૨૬ના રોજ બપોરે આશરે ૪થી ૪:૩૦ વાગ્યાના અરસામાં સંતોષભાઈ પોતાના ઘરની બહાર લુંગી પહેરીને નીકળ્યા હતા. દરમિયાન ત્યાં હાજર મહેન્દ્ર રાણા અને તેના કારીગરે સંતોષને લુંગી પહેરવા બાબતે ટોક્યો હતો અને બોલાચાલી શરૂ કરી હતી.

વાત એટલી વણસી ગઈ હતી કે, મહેન્દ્ર રાણા અને તેના માણસે સંતોષ મિશ્રાને બેફામ ગાળો આપી ઢીકમુક્કીનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ ઝઘડો જોઈ સંતોષની પત્ની તેને છોડાવવા માટે વચ્ચે પડી હતી. ઉશ્કેરાયેલા હુમલાખોરોએ સંતોષની પત્ની પર પણ દયા ન ખાધી અને તેની પાસે રહેલા ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ચપ્પુનો ઘા પત્નીના જમણા હાથના પંજાના ઉપરના ભાગે વાગતા તે લોહીલુહાણ થઈ ગઈ હતી. હુમલો કર્યા બાદ પણ હુમલાખોરોનો આક્રોશ શાંત થયો નહોતો. આરોપી મહેન્દ્ર રાણાએ જતી વખતે ફિલ્મી ઢબે સંતોષ મિશ્રાને ધમકાવતા કહ્યું હતું કે, અભી તું ઘર કે બહાર લુંગી પહેનકે નીકલકે દીખા, મેં તુમ્હે જાન સે માર દુંગા. આ પ્રકારની જાનથી મારી નાંખવાની ધમકી આપી બંને શખ્સ ઘટના સ્થળેથી નાસી છૂટ્યા હતા. આ ઘટના બાદ ઈજાગ્રસ્ત દંપતી હોસ્પિટલ પહોંચ્યું હતું અને ત્યારબાદ ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સંતોષ મિશ્રાની ફરિયાદના આધારે મહેન્દ્ર રાણા અને તેના કારીગર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે સોસાયટીનાં સીસીટીવી ફૂટેજ મેળવી આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (905)

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (906)

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (907)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

**ડાકોર, પાવાગઢ**
ઉજ્જૈન, ઓમકારેશ્વર, વીરપુર સારંગપુર, જલેબી હનુમાન. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861 (903)

**પ્રોપટી વેચવાની છે**
બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ
જતીન શાહ 9227905111

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**જૂના જાણીતા**
રાજુ મોદી કાશ્મીર, વૈષ્ણોદેવી, સોનમર્ગ, ગુલમર્ગ, દૂધપતરી, અમૃતસર, ઉજ્જૈન ઉપડશે 30 માર્ચ, (ફક્ત 8 સીટ બાકી) સુરતથી સુરત- 19,500/-, દિવસ 13, સ્ટાર હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર 9374512979 (904)

નોકરી વિષયક

**ડિલિવરી બોય જોઈએ**
છે સરોલી, પર્વતપાટિયા, ગોડાદરા, પુનાગામ નંબર 9725956799

**જહાંગીરપુરા મેઈન રોડ ટચ**
500 વારની જમીન વેચવાની છે
દરેક ધંધા, શો રૂમ તથા કપડાંના શો રૂમ, ટ્યુશન કલાસીસ, હોસ્પિટલ લાયક જગ્યા
9824729100

**હોઝિયરીમાં પરચૂરણ**
કામ માટે માણસ જોઈએ છે. ઉંમર 30 વર્ષ સુધી ભાગળ. 9825776132

**ઓફિસ આસિસ્ટન્ટ**
છોકરાઓ બહારના કામ માટે 3 Posts, ઉંમર 18-25 વર્ષ, ગ્રેજ્યુએટ ટુવ્હીલર જરૂરી, સેલેરી- 15000+ પેટ્રોલ+ એલાઉન્સિસ. Fresher પણ ચાલશે. બાયોડેટા મોકલો અથવા મળો આઈડિયાઝ અનલિમિટેડ. અડાજણ સુરત Mo: 9426807778

**માસમાં મેગા સિટીમાં કોર્નરના ખુલ્લા પ્લોટો વેચવાના છે.**
125વાર 17લાખ | 110વાર 15લાખ | 80વાર 11લાખ
9377555922
દલાલભાઈઓ આવકાર્ય

**મહિધરપુરામાં**
ટેમ્પો ચલાવવા માટે ડ્રાઈવર જોઈએ છે, પગારઃ 20,000/- 9377173151

**જોઈએ છે**
સ્કુલ માટે ભરૂચ કસક માં લેડિઝ સીક્યુરીટી ગાર્ડ. 9374542478

**જોઈએ છે**
અંકલેશ્વર સ્કુલ માટે મેલ સીક્યુરીટી ગાર્ડ ઉંચાઈ 5 ફુટ 10 ઈંચ અને શારી રીતે શસક્ત સંપર્ક 9374542478

**ફ્લેટો વેચવાના છે**
અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા
'માસ્તર્સ ડ્રીમસ્કેપ'
એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો
મો.૯૮૨૪૧૧૨૮૬૮

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે**
રો. હા. ૧૪૪ વાર મહાલક્ષ્મી મંદીર પાસે અડાજણ ૮૪૮૮૯૮૩૪૨૪ અનીલભાઈ (900)

**મોરા (હજીરામાં)**
લેબર- સુપરવાઈઝરને રહેવાલાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

**નવસારીમાં 2 BHK**
ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીક્લચર કોલેજની સામે Contact: 9427633341

**વેચવાનું છે**
પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત ભાડેથી

**નાની ઓફિસ ભાડેથી**
આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

મિલ્કત જોઈએ છે

**જોઈએ છે**
સુરતની આજુબાજુના ગામમાં રહેવા લાયક જુનું મકાન. કો. ૦૨૬૧ ૨૪૩૮૦૪૧ (901)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*